ભાણસાહેબની ભક્તિની સુવાસથી તેમને ચોમેરથી ભક્તિ કાવ્ય સંમેલનો માટે ઠેર-ઠેરથી તેડા આવતા. તેઓ સુરત, વડોદરા, પાટણ વિગેરે તમામ જગ્યાએ ભજનો માટે જતાં. પૂ. ગાંધીજીએ ૨૦મી સદીમાં અહિંસાની જે ઉત્કૃષ્ઠ ભાવના દર્શાવી તેવી ઉચ્ચ ભાવના ગાંધીજીનાં જન્મનાં ૨૫૦ વર્ષ પૂર્વે પૂ. શ્રી ભાણસાહેબમાં જોવા મળે છે. એકવાર ભાણસાહેબ વડોદરા જતાં હતાં ત્યારે તેમનાં સગરામને જોડેલ. બળદો પરની ઝુલને જોઇ વડોદરાનાં શેખ હુસેનદીન નામનાં મુસલમાનની આ ઝુલ પડાવી લેવાની લાલચ થતાં તેમણે વડોદરાના સુબા પાસે ફરીયાદ કરતા સુબાએ શેખનો પક્ષ લઇ ભાણસાહેબને ચોર ઠરાવી કોટડીમાં પૂર્યા ત્યારે હસતા હસતાં ભાણસાહેબ બોલ્યા જેવી મારા રામની મરજી. ત્યારબાદ વડોદરાના સુબાને ભાણસાહેબની ગેબી અલૌકિક શક્તિનો પરચો મળતા સુબાએ ભાણસાહેબની માફી માગેલ હતી.

ભાણસાહેબ ફરતાં-ફરતાં એક વખત વડોદરાની પાસે આવેલ શેરખી ગામે ગયેલાં, જ્યાં તાંત્રિકોનું જોર હતું એવા આ શેરખી ગામનાં ઠાકોર હરિસિંહ જીવાજીભાઇ ઠાકોરની સ્વરૂપવાન બે પત્નિઓ એક તાંત્રિકની અસરમાં આવી ગયેલ અને એ તાંત્રિકે આ બંને સ્ત્રીઓને વશ કરી એમની પાસે રાખેલ ત્યારે ઠાકોર તેમની પોતાની પત્નિઓને તાંત્રિકનાં મોહપાશમાંથી છોડાવવા પ્રયત્નો કરેલ પણ તેમાં તે ફાવ્યા ન હતાં.

આ દરમ્યાન ઠાકોર હરિસિંહને સમાચાર મળ્યા કે, રામકબીરીયા શાખાનાં સંત ભાણસાહેબ શેરખીમાં પધાર્યા છે તેઓ યોગ સાધના અને આત્મત્વની દીર્ઘ વાતો કરે છે આથી ઠાકોર દોડતાં દોડતાં ભાણ સાહેબ પાસે ગયા. ઠાકોરના હાથમાં ત્યારે તલવાર હતી અને તાંત્રિકને મારવા ઉગામેલી તલવાર તેઓ તાંત્રિકને મારી શક્યા નહી. તેમનો હાથ અધ્ધર રહી ગયો અને ભાણસાહેબને જોતા જ ઠાકોર હરિસિંહજીએ ભાણસાહેબને વંદન કરી તેમની વ્યથા જણાવી. આથી ભાણસાહેબ ઠાકોર સાથે પેલા તાંત્રિક પાસે આવ્યા. ભાણસાહેબનું અલૌકિક અને અદ્‌ભુત સ્વરૂપ અને પ્રતિભા જોઇ તાંત્રિક ગભરાયો અને ઠાકોરની સ્ત્રીઓને છોડી મુકીને ભાગ્યો અને પરવશ થયેલી આ સ્ત્રીઓ ભાનમાં આવી અને ભાણસાહેબનાં ચરણમાં પડી ગઇ. આ ચમત્કારની વાતો જોતજોતામાં મહીરેવા વિસ્તારમાં ફેલાઇ ગઇ અને સંતની સુવાસ - ચાહના ચોતરફ પ્રસરવા લાગી અને ઠાકોરની વિંનતીથી ભાણસાહેબે શેરખીમાં નિવાસ કર્યો. શેરખી આસપાસના વિસ્તારનાં રૂઢિચુસ્ત પાંખડીઓનો વિરોધ કરી અને તાંત્રિકો અને અઘોરીઓની મેલીવિદ્યામાંથી લોકોને છોડાવીને આવા પાખંડીઓને સન્માર્ગે-સત્માર્ગે વાળ્યા. એ સમયે શેરખીમાં લોહાણા સમાજનાં ૧૦૦ ખોરડાઓ હતાં. શેરખીના લોહાણાઓએ તેમનો ઉપદેશ સ્વીકાર્યો. એ પછી શેરખી આસપાસનાં લોહાણા બંધુઓ પણ ભાણસાહેબ પાસે ઉપદેશ માટે આવવા લાગ્યા. ભાણસાહેબે શેરખી આસપાસનાં પંથકનાં લોહાણા બંધુઓને એકત્ર કરી લોહાણા સમાજનાં ૭૦૦ ખોરડાઓની નાત બાંધી તેને 'મહિરેવા લોહાણા પંચ' નામ આપ્યું. જે આજે ૩૦૦ વર્ષ પછી પણ એ નામે ઓળખાય છે. શેરખીમાં કેટલોક સમય વિતાવ્યા બાદ ભાણસાહેબે વારાહી જવા માટે વિચારતાં ઠાકોર હરિસિંહજીનાં આગ્રહથી ભાણસાહેબે શેરખીમાં સંવત ૧૭૮૫માં પોતાની જગ્યાની સ્થાપના કરી આ જગ્યા પર તેમના મોટાભાઇ કાનજીદાસને સ્થાપિત કર્યા. ભાણસાહેબ વારાહીથી અવાર-નવાર શેરખીમાં પધારતાં. તેમને મોટુ શિષ્યવૃંદ હતું.

બંધારપાડા ગામે પધરામણી સમયે ભાણસાહેબ તેમના શિષ્ય કુંવરજી મહારાજનાં નિવાસ સ્થાને નિવાસ કરતાં જ્યાં સંવત ૧૮૦૩માં માઘ સુદ - ૧૧નાં રોજ તણછા ગામનાં વિશા શ્રીમાળી વાણીયા રવિદાસે તેમની પાસે દીક્ષા લીધી હતી. આ રવિદાસ ગામ તણછામાં સંવત ૧૭૮૩માં જન્મેલા. રવિદાસે ભાણસાહેબના દર્શન કરતાં તેમનાં અંતરનાં દ્વાર ખુલી ગયા હતાં અને તેઓ ભાણસાહેબનાં શિષ્ય બનતાં પાછળથી તેઓ રવિસાહેબના નામે પ્રસિદ્ધ થયેલા અને આ સંતકવિએ વિપુલ માત્રામાં શ્રેષ્ઠ સંતસાહિત્યનું સર્જન કરેલ હતુ. મધ્યકાલીન સમયમાં રવિસાહેબે સંત સાહિત્યમાં એક ખાસ જગ્યા બનાવી હતી. તેમણે બનાવેલો સંપ્રદાય રવિ ભાણ સંપ્રદાય તરીકે ઓળખાયો.

શેરખીની ગાદી ઉપર બીરાજેલ કાનદાસજી જયારે નિર્વાણ પામ્યા ત્યારે મોટાભાઇ પાછળ ભાણસાહેબે મોટો ઉત્સવ કરેલ અને શેરખીની ગાદી રવિસાહેબને સોપી હતી. સંવત ૧૮૦૫માં કચ્છનાં રાવ શ્રી દેશળજીએ 'શિવરા મંડપ' નો મહાન સમારંભ યોજેલ ત્યારે તેમના આમંત્રણથી ભાણસાહેબ અને એમની 'ભાણ ફોજ' ૪૦ શિષ્યોની મંડળી કચ્છ ગયેલી ત્યારે કચ્છના રાવશ્રી રા'દેશળનો કુંવર રા'લખપત જે તુંડમિજાજી અને અભિમાની હતો તે સાધુ મહાત્માઓનું અપમાન કરવા લાગ્યો અને તેમણે સાધુ-સંતોને ધમકી આપી કે, ઇશ્વર હોય તો મને બતાવો, ચમત્કાર દેખાડો, અથવા તો મૃત્યુ માટે તૈયાર રહો. એમ કહી રા'લખપતે તેમના પિતા રા'દેશળજીને પણ બંદીવાન બનાવ્યા. રા'લખપતની આવી ધમકી સાંભળી કેટલાક બાવા-સાધુઓ ગભરાયા અને ભાગી ગયા.

પરંતુ ભાણ ફોજ તો ભજન-કીર્તનની રમઝટ બોલાવતી રહી અને કુંવર લખપત ભાણસાહેબની રાવટી પાસે આવ્યો અને ગર્જના કરી કે, કોણ છે આ બધા ધતીંગ કરનાર જોગટો ? બહાર નીકળ, ક્યાં છે તારા ભગવાન ? ત્યારે જ્યાં ભજન-કિર્તન ચાલતા હતા તે રાવટીમાંથી ભાણસાહેબ સ્વસ્થ રીતે બહાર આવીને અડગ રીતે ઉભા રહ્યા ત્યારે, ભાણસાહેબનો દૈદિપ્યમાન અને પ્રભાવશાળી દેખાવ જોઇ રા'લખપત પ્રભાવિત થયા અને બોલ્યો કે બીજા બધા તો ભાગી ગયા પણ તમે આમ આનંદથી કેમ બેઠા છો ? ત્યારે રા'લખપતથી પ્રભાવિત થયા વિના ભાણસાહેબે પોતાનો પરિચય આપ્યો. ત્યારે કહેવાય છે કે, રા'લખપતને ભાણ સાહેબ આસપાસ એક અલૌકિક પ્રકાશપૂંજ દેખાયો અને નેજો ધારણ કરેલાં સંત ભાણસાહેબ ઘોડા ઉપર બેઠેલા દેખાયા અને આસપાસ ચો-તરફ ભાણફોજ દેખાવા લાગી. આ અલૌકિક ચમત્કારથી રા'લખપત શાંત અને શાણો બની ગયો અને તે ભાણસાહેબનો અનુયાયી બન્યો અને ભાણસાહેબે તેમને સત્‌ઉપદેશ આપ્યો જે સાંભળી તેમણે પિતા રા'દેશળજીને બંધનમુક્ત કર્યા.

ભાલ નળકાંઠાનાં કમીજલા ગામનો એક ભરવાડ મેપો દુષ્કાળના સમયે તેમના ઢોર-ઢાંખર લઇને લીલાછમ ઘાસચારાવાળા વિસ્તાર વારાહીમાં ઢોર ચારવા આવેલ. આ મેપો ભરવાડ દિવસે ઢોર ચરાવવા જતો અને રાત્રે ભાણસાહેબના મંદિરે ચાલતી ભજનમંડળીમાં બેસી ભજન-કિર્તન કરતો તે ભાણસાહેબનો અનન્ય ભક્ત બન્યો હતો અને આ મેપા ભરવાડનાં વતનમાં જયારે સારો વરસાદ થયો ત્યારે મેપો ગુરૂની રજા લઇ કમીજલા જવા નીકળ્યો ત્યારે ભાણસાહેબ પાસે વચન લીધુ કે, એકવાર કમીજલા પધારજો. જયારે ભાણસાહેબ ભાણ ફોજને લઇને દ્વારિકા દર્શન કરવા નીકળ્યા ત્યારે તેમણે મેપા ભરવાડને આપેલ વચન યાદ આવતા તેઓ ભાણ ફોજ લઇને વિરમગામ પાસે આવેલા કમિજલા ગામે ભજન-કિર્તન કરતી ભાણફોજ મેપા ભરવાડને ઘરે પહોચી ત્યારે મેપા ભરવાડની ધર્મપત્નિ મેઘાબાઇએ ભાણ ફોજનું ભાવભીનું સ્વાગત કર્યુ અને જણાવ્યુ કે, મેપો બહાર ગયો છે. આથી આ સાંભળી ભાણ ફોજ તુરંત રવાના થઇ અને મેઘાબાઇને કહ્યુ કે, મેપા ભગતને કહેજો